ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તા: ૬/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૮ સપ્ટેમ્બરને સોમવારના રોજ ઉમરાળા ખાતે આકાશ દર્શનનો કાર્યક્રમ યોજાયો

બ્રહ્માંડ એક અકલ્પનીય રૂપે વિશાળ સ્થાન છે. જેમાં ગ્રહો અને તારાઓના પરિભ્રમણથી જુદી–જુદી ખગોળિય ઘટના રચાતી હોય છે. તા.૨૮ સપ્ટેમ્બરને સોમવારના રોજ શ્રી પી. એમ. સર્વોદય હાઈસ્કુલ, ઉમરાળા ખાતે ઉમરાળાની ખગોળપ્રેમી જનતા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ટેલીસ્કોપ દ્વારા ચંદ્રને નિહાળવાનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવેલ.

આ આકાશ દર્શનના કાર્યક્રમમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે ટેલિ સ્કોપની સંપૂર્ણ જાણકારી આપી હતી. આ જ દિવસે સવારના સમયે નભમંડળમાં રચાયેલ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ઘટનાની માહિતી આપેલ. આ સમયે આકાશમાં જોવા મળતો ચંદ્રનો આંશિક લાલાશ ભાગ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ઘટનાની પ્રતિતિરૂપે સમજાવેલ.

આ અવકાશી નજારાને ઉમરાળા ગામના સરપંચશ્રી, શાળાના આચાર્ય શ્રી રામદેવસિંહ ગોહિલ, શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓ અને ઉમરાળાની કુલ મળીને ૪૦૦ ખગોળપ્રેમી જનતાએ નિહાળેલ.

પ્રી.બી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.